અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/ ૨૯૫૫-૨૯૬૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૯/૦૮/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય: ધોરણ-૧૦ ના જૂથ-૨ ના મરજિયાત વિષયોની પરીક્ષા પદ્ધતિ બાબત.
સંદર્ભ:૧. અત્રેની કચેરીનો તા.૦૪/૦૨/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૭૭૪-૮૧૨.
૨. અત્રેની કચેરીનો તા.૦૮/૦૮/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૮૩૫-૭૧.

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૧) દર્શિત પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં આવનાર ધોરણ-૧૦ની પરીક્ષા પદ્ધતિ અંગે જરૂરી વિગતો આપવામાં આવેલ હતી. જે મુજબ ધોરણ-૧૦માં બોર્ડની પરીક્ષામાં ૮૦ ગુણનું પ્રશ્નપત્ર તેમજ આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ રહેશે તેમ જણાવવામાં આવેલ છે.

અત્રેની કચેરીના સંદર્ભ-(૨) દર્શિત પત્રથી ધોરણ-૧૦ ના વિષય માળખા મુજબ જૂથ-૨ ના મરજિયાત વિષયોની શાળાકક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં જે પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ પરીક્ષા લેવામાં આવેલ છે તે જ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ ચાલુ રહેશે તેમ જણાવવામાં આવેલ છે.

આ અંગે શાળાઓ તરફથી પૃચ્છા કરવામાં આવતા **નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે:-**

→ જૂથ-૨ ના મરજિયાત વિષયોમાં અગાઉના પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ સૈદ્ધાંતિક પરીક્ષાના ૫૦ ગુણ રહેશે અને ૫૦ ગુણ પ્રાયોગિક પરીક્ષાના રહેશે. શાળા કક્ષાએ આ પ્રમાણે ૧૦૦ ગુણની પ્રથમ પરીક્ષા, દ્વિતીય પરીક્ષા/પ્રિલીમ અને વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. શાળા કક્ષાએ લેવામાં આવતી ૧૦૦ ગુણની વાર્ષિક પરીક્ષાના ગુણ શાળાએ બોર્ડને મોકલવાના રહેશે, જે બોર્ડ દ્વારા ૮૦ ગુણમાં રૂપાંતર કરવામાં આવશે.

→ આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણનું વિભાજન નીચે મુજબ રહેશે.

- ૫ ગુણ પ્રથમ પરીક્ષા
- ૫ ગુણ દ્વિતીય પરીક્ષા
- ૫ ગુણ નોટબુક સબમિશન(ગૃહ કાર્ય/વર્ગ કાર્ય)
- ૫ ગુણ પ્રાયોગિક કાર્ય/પ્રોજેક્ટ કાર્ય

શાળાએ ઉપરોક્ત આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ બોર્ડને મોકલવાના રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપવા વિનંતી છે.

જા. નં. 11427
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બ્લોક,
ત્રીજો માળ, નાનપુરા/લાઈન્સ, સુરત
તા.: 04/09/19

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
સુરત શહેર/ગ્રામ્યની તમામ શાળાઓ.
જાણ તથા અમલ થવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.શિ.કો., સુરત.